## 1. વિકેન્દ્રીકરણ એટલે શું?

➢ નિમ્ન સપાટીએ સત્તાની સોંપણી કરી, કાર્ય વિભાજન કરી, નિર્ણય પ્રક્રિયામાં તેઓને સામેલ કરવાની પ્રક્રિયા એટલે વિકેન્દ્રકરણ.

## 2. સ્થાનિક સ્વરાજનું અગત્ય શું છે?

➢ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની અગત્યતા નીચેના મુદાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

(1) સ્થાનિક સ્વરાજ સત્તાનું વિકેન્દ્રીકરણ સિદ્ધ કરે છે.
(2) સ્થાનિક નાગરિકોને તેઓની જવાબદારી પ્રત્યે સભાન બનાવે છે.
(3) લોકશાહીની તાલીમશાળા તરીકે ઉપયોગી છે.
(4) ઓછા વહીવટી ખર્ચ કરકસરયુક્ત વહીવટ શક્ય બનાવે છે.
(5) વહીવટી સુધારણાની પ્રયોગશાળા છે.
(6) સ્થાનિક કાર્યોમાં નાગરિકોને સામેલ કરી શકાય છે.
(7) નાગરિકોના સ્થાનિક મુદ્દાઓ (કાર્યો)માં રસ વધે તે સાથે સંબંધ ધરાવે છે.
(8) સ્થાનિક કક્ષાએ નોકરશાહી અને અમલદારશાહીનો પ્રભાવ ઘટાડે છે.
(9) કેન્દ્ર અને રાજય સરકારના કાર્યભાર ઘટાડવામાં સ્થાનિક સ્વરાજય અગત્યનો ભાગ ભજવે છે.

## 3. સત્તાનું વિકેન્દ્રીકરણ એટલે શું?

➢ રાષ્ટ્રના પ્રત્યેક રાજયની પ્રાદેશિક એકમ સરકારને વહીવટી સરળતા ખાતર સ્થાનિક પરિસ્થિતિ મુજબ નાના-નાના પ્રાદેશિક વિભાગોમાં રાજયના વિસ્તારને વહેંચી નાંખવામાં આવે છે. સ્થાનિક કક્ષાની જવાબદારી તેમજ કાર્યોની સોંપણી કરી સ્થાનિક કક્ષાએ વહીવટી સત્તા સોંપવાની પ્રક્રિયાને સત્તાનું વિકેન્દ્રીકરણ કરે છે.

## 4. ઉપસરપંચની ચૂંટણી કેવી રીતે થાય છે?

➢ ઉપસરપંચની ચૂંટણી ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા ગ્રામ સભાની પ્રથમ સામાન્ય સભાની બેઠકમાં થાય છે. આ ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. ઉપસરપંચનો હોદા પાંચ વર્ષ માટે હોય છે. છતાં અવિશ્વાસની દરખાસ્ત દ્વારા તેઓને મુક્ત પહેલાં હોદ્દાથી દૂર કરી શકાય છે.